શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ



ઓક્ટોબર-૨૦૧૮ અંક - ૧૦
વર્ષ ૫૫ સળંગઅંક ૪૫૭
માસિક કિંમત-૧૦
વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org



## વિભાગ-A

પ્રથમ
જય કે. પંચૉલી
સુરત



## વિભાગ-B

પ્રથમ
સાગર બી. પંચૉલી
સુરત

દ્વિતીય
માન્યા એમ. પંચૉલી
ભરૂચ



દ્વિતીય
સંગીતા દક્ષય ગજ્જર
સુરત






તૃતીય
ભવ્યા ધવલ પંચૉલી
સુરત




તૃતીય
વૃશાલી જિલેશ મહેતા
અંકલેશ્વર



તૃતીય
અક્ષ પ્રિયાંક પંચૉલી
સુરત



વિશિષ્ટ ઇનામ : અવની એ. પંચૉલી



તૃતીય
ફોરમ દેવાંગ ગાંધી
મીરારોડ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## ઓક્ટોબર – ૨૦૧૮

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઈન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

ગણેશ ઉત્સવ મન ભરીને માણ્યો... અને શ્રાદ્ધપક્ષનું આગમન... શ્રાદ્ધપક્ષ એટલે પિતૃઋણ ચુકવવાનો અવસર... તર્પણ અને અર્પણ કરવાનો અવસર... દરેક લોકો શ્રદ્ધાથી શ્રાદ્ધ કરે છે.. અને પિતૃઋણ ચુકવ્યાનો આનંદ માણે છે... ફરજ અદા કરવાનો આનંદ માણે છે.....

સર્વે જ્ઞાતિજનોને પણ આવું સમાજનું ઋણ ચુકવવાનો શુભ અવસર પ્રાપ્ત થયો છે... દિપોત્સવી અંકમાં જાહેરાત દ્વારા, ભેટ દ્વારા.... આ દિપોત્સવી અંક નવયુગની જીવાદોરી સમાજ છે... અને આપની જાહેરાત નવયુગને ઓક્સીજન પૂરૂ પાડવાનું કામ કરે છે.... તો નવયુગની જીવાદોરી આપના હાથમાં છે.... આ નવયુગ મળે તુરત તમારી એડ મોકલવા કૃપા કરશો...

વેકેશન સ્પર્ધાથી નવા કવિ-લેખકો અને ચિત્રકારનો આપણને લાભ મળ્યો...છે. જ્ઞાતિજનનોને આવુ પ્લેટફોર્મ આપવા બદલ સી.ટી.સ્મારક નિધિના અધ્યક્ષશ્રીનો આભાર..

આધુનિક વ્યકિતઓ શ્રાધ્ધ અંગે શંકા-કુશંકા કરે કે કાગડાને ખવડાવવાથી પિતૃઓને કઇ રીતે પહોંચે...? એ તર્ક કરવા કરતાં આપણે કેટલા બધા ડે ઉજવીએ છીએ... વેલેન્ટાઈન-ડે, ફાધર્સ-ડે, મધર્સ ડે, ડોટર્સ ડે... આ દિવસે વોટસએપ અને ફેસબુક પર ફોટા મુકી ભુલી જઈએ છીએ.. તો શ્રાધ્ધ પક્ષમાં દાદા-દાદી-માતા-પિતા સ્મૃતિ પર્વ તરીકે કેમ ન ઉજવી શકીએ....? એ દિવસે એમના પ્રસંગો આપના પુત્ર-પુત્રીઓને કે પૌત્રોને સંભળાવી એ, જુના ફોટોગ્રાફસ હોય તો બતાવીએ અને ભેગા મળી એના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરીએ.. હા એ

દિવસે એમને ભાવતી વાનગી બનાવી એમને તર્પણ કરીએ તો કોઇ ખોટુ નથી..

આસોના આગમન અને શરૂ થશે નવરાત્રી.. રંગબેરંગી નવરાત્રીના એ દિવસો યુવા ધનને મ્હાલવાનો અવસર, સુંદર રંગબેરંગી નવરાત્રીનો ડ્રેસ ખરીદવાની તક બધા જ ઝડપી લે છે.. નવયુગમાં જાહેરાત આપવાની ફરજો વડિલોની જ છે એવું સમજીએ છીએ.. અત્યારના યુવાનોને વિનંતી કે આપના પુત્ર-પુત્રીના નવરાત્રીના ફોટોગ્રાસ પણ આપની નવયુગની જાહેરાત સાથે આપી શકો છે... મોકલી શકો છો.

મહામંડળના માજી ઉપપ્રમુખ અને સંખેડા સમાજના પ્રમુખ કિસનભાઇ અંબાલાલ પંચોલીનું અવસાન થયું... સમાજે એક સક્રિય કાર્યકર ગુમાવ્યા છે.. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે... એમના સ્વજનો પર આવી પડેલ આઘાતને સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના

શ્રીમતિ અમિષા અજય પંચોલીએ Mrs. India Globle-2018 માં 3rd Runner Up વિજેતા થયા. સાથે સાથે Mrs. Glamours Look નો ખિતાબ પણ મેળવ્યો હતો..

સ્વીમીંગ ક્ષેત્રે રમિલાબેન બકુલભાઇ મિસ્ત્રીએ પણ Breast Stroke - 100mt. 1st price, Butterfly Stroke - 100mt. 2nd price, Individual Medley(I.M.) 200mt. 2nd price મેળવ્યા છે. અભિનંદન..

બન્ને બહેનોએ આવી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી એકમનું તથા એમના કુટુંબીજનોનું અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.... પ્રભુ એમની સફળતાને ઉત્તરોત્તર પ્રગતિ કરાવે એવી હાર્દિક શુભેચ્છાઓ...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય દિનેશભાઇ મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ



સ્વ. ગોપાલભાઇ (કીશનભાઇ) અંબાલાલ પંચોલી
જન્મ તા. : ૦૩/૦૫/૧૯૪૯ વૈશાખ સુદ પાંચમ વિ.સં.૨૦૦૫
સ્વર્ગવાસ : ૧૪/૦૯/૨૦૧૮ ભાદરવા સુદ પાંચમ વિ.સં.૨૦૭૪

## પાલ વિભાગનું વિરલ વ્યકિતત્વ
# કિશનભાઈ

સંખેડા નિવાસી સ્વ. કિશનભાઇ અંબાલાલ પંચોલી સમાજના સક્રિય કાર્યકર હતાં. તેમણે સંખેડા એકમના પ્રમુખ તરીકે તથા મહામંડળના ઉપપ્રમુખનો હોદ્દો સંભાળ્યા છે..

પંચોલી સમાજ સંખેડાની વાડીના વિકાસ કાર્યમાં એમનો સિંહફાળો છે. તેઓ સમાજના કોઈપણ કાર્ય માટે સદા તત્પર રહેતા. મહામંડળનું અધિવેશન હોય કે મહામંડળની સામાન્ય સભા હોય હંમેશા પાલ વિભાગનું પ્રતિનિધિત્વ કરતા હતા. એકવાર મહામંડળની સામાન્ય સભાનું આયોજન પણ સંખેડામાં કર્યુ હતું.

સંખેડા જ્યારે પણ જવાનું થાય ત્યારે તેઓ આવકારવા હંમેશા તત્પર રહેતા, સમય ફાળવી સમાજના કાર્યમાં મદદ કરવાની તેમની આગવી સુઝ હતી.નવયુગ માટે જાહેરાતો એકત્ર કરી મોકલતા હતા... તેમામ આ કાર્યોને બિરદાવીએ છીએ અને પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...

ડો. મહેશભાઇ એમ મિસ્ત્રી
માજી પ્રમુઅ શ્રી પં.સે.સ. મહામંડળ
માજી પ્રમુખ અંકલેશ્વર એકમ

# પ્રમુખ નોંધ.......

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

કુશળ હશો

તારીખ : ૦૨-૦૮-૨૦૧૮ના દિવસે અંકલેશ્વરની યુવા ટીમે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ૫૩મી સામાન્ય સભાનું સફળ આયોજન કર્યુ. સુંદર એ.સી. વેન્યુ, એવા જ સ-રસ સવારના ચ્હા-નાસ્તો અને ભોજન. અંકલેશ્વરની યુવા ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

મઝાના વાતાવરણમાં ખૂબ જ હેલ્થી ચર્ચા થઇ, અગાઉ ડો. મહેશભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને અમોએ કરેલ મિટિંગના સંદર્ભે ૨૦૦૧ બાદ પ્રથમવાર આપણે ચેરીટી કમીશ્નરશ્રીની જોગવાય મુજબ ફેરફાર રીપોર્ટ સબમીટ કરવા કાર્યવાહી કરવાનું નકકી કર્યુ. તથા નવા ટ્રસ્ટીઓની નિમણૂંક કરી, ચેરીટી કમીશ્નરશ્રીની ઓફિસ ભરૂચ હોય ડો. મહેશભાઇ મિસ્ત્રીએ આ જવાબદારી સ્વીકારી, ખૂબ ખૂબ આભાર મહેશભાઇ. હવે આપણી જવાબદારી છે કે જરૂરીઆત મુજબની સંમતિ એફિડેવીટો મહામંત્રીશ્રીને મોકલીએ.

આ દરમ્યાન ગણેશજી આપણાં ઘરે પધાર્યા અને નવયુગ મળશે ત્યાં સુધીમાં ફરી આપણી વચ્ચેથી આવતા વર્ષે ફરી પધારવા માટે વિદાય પણ લેશે, જે જે એકમો, યુવા સંગઠનો અથવા અંગત રીતે પણ પોતાનાં ઘરમાં ઇકોફ્રેન્ડલી ગણેશજીની પધરામણી કરી હોય તેના ફોટા મોકલશો તો વેબ સાઇટ પર અપલોડ કરીશું..

એકાદ મહિનામાં દિવાળી આવી જશે અને હવે પછીનો પંચોલી નવયુગનો દિપોત્સવી અંક પ્રકાશિત થશે.. આપણું નવયુગ આ વર્ષે ખોટમાં રહ્યું દિવાળી અંક માટે તંત્રીશ્રી દિનેશભાઇએ કરેલ જાહેરાતની અપીલને સૌ પ્રતિસાદ આપે, દરેક એકમો અને એકમોના હોદેદારો પોતાની જાહેરાત ભૂલ્યા વીના આપે અને મહામંડળના પણ તમામ હોદેદારો પાસે પણ આજ અપેક્ષા રાખીએ છીએ. મોટા એકમો પણ પોતાની નારાજગી નવયુગ પ્રત્યે તો ન જ બતાવે, નવયુગ કોઇ પણ એકમોના સમાચાર કે અહેવાલો છાપવામાં ભેદભાવ કરતુ નથી, જાહેરાત મળે કે ન મળે છતાં ! તો પછી આપણે શું કામ આવું કરીએ છીએ ? શું આપણને માત્ર પોતાના હકક જ ધ્યાને રહે છે ફરજો નહીં...? બાકી હકક અને ફરજ એક સિકકાની બે બાજુઓ છે..

મહામંડળના યુવા સંગઠનના કો-ઓર્ડિનેટર તરીકે બીલીમોરાના ટવીંકલબેન પંચોલીને મહામંડળ હોદેદાર પરિવારમાં આવકારતા આનંદની લાગણી અનુભવી રહ્યો છું અને તમારી પાસે અમોને સારા કાર્યની અપેક્ષા પણ છે. સાથે સાથે એક વર્ષ મહામંડળના સ્વયંના કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપનાર મુંબઇના પરાગભાઇ મિસ્ત્રીનો આભાર...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી ઉપપ્રમુખ અને શ્રી પંચોલી સેવા સમાજ-સંખેડાના પ્રમુખ શ્રી કિશનભાઇ અંબાલાલ પંચોલીનું તા. ૧૪.૦૯.૨૦૧૮ના રોજ અવસાન થતા એક સેવાભાવી કાર્યકર ગુમાવ્યો છે... પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તથા કુટુંબીજનો પર આવી પડેલ આકસ્મિક આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે એવી પ્રભુ પ્રાર્થના..

અંકલેશ્વરના શ્રીમતિ અમિષા અજય પંચોલીએ Mrs. India Globle-2018 માં ફાયનાલીસ્ટ બની ગુજરાતને રીપ્રેજન્ટ કર્યુ અને 3rd Runner Up અને Mrs. Glamours Look નો ખિતાબ મેળવ્યો.

નવસારીના રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રી પણ સ્વીમીંગ ક્ષેત્રે દર વર્ષે સિદ્ધિઓ મેળવે છે આ વર્ષે પણ એમણે સ્વીમીંગના ત્રણ એવોર્ડ મેળવ્યા છે...

અમિષાબેન અને રમિલાબેનને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન...

સામાન્ય સભાની મિનિટસ આવતા અંકમાં પ્રકાશિત કરીશું..

કોઇએ સરસ વાકય કહ્યું છે કે.....

**સબંધ માટે**
**આપણે માળી બનવું પડે**
**કઠીયારો નહી....**



નામ : સચીન
પિતા : પ્રવિણભાઇ નરભેરામ પંચોલી
માતા : છાયાબેન
જન્મ : ૦૯-૦૫-૧૯૯૧ સમય સવારે ૬.૩૦
અભ્યાસ : B.A.Electrical Engg.
બહેન : રાખી પ્રવિણભાઇ પંચોલી
સરનામું : જુની પોસ્ટ ઑફિસ પાછળ
મુ.પો. નવાપુર, જિ. નંદરબાર (મહારાષ્ટ્ર)
Mo. : 9421533391 / 9328833391


## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઑફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર




## Name : Mansi Gandhi

Name : Mansi Gandhi
Date of Birth :11/05/1992
Height : 4'8"
Education : M.Tech. in Bioprocess technology from Institute of Chemical Technology, Mumbai.
B.Pharm from L.M.College of Pharmacy, Ahmedabad
Profession :-Associate Engineer in Intasbio pharmaceuticals, Ahmedabad
Hobbies :-Travelling, Trekking, Music, Badminton, Guitarplaying
Family beckground
Father :- Bhupen.N.Gandhi–Businessman
Mother :- Pravina.B.Gandhi-Housemaker
Brother : Nivesh. B. Gandhi –Working in manufacturing company,Austria
Address :-Main Bazar, Opp-Police gate,kanpura,Vyara
Contect No. :-9879260795
Looking for a qualified, understandable (and broadminded who is not gender biased),career oriented and must be having good family values.

Late Natvarlal Bhagubhai Gandhi
Smt. Damyantiben Natvarlal Gandhi
Late Janak Natvarlal Gandhi

# સ્વ. સી. ટી. સ્મારક નિધિ

### આયોજીત

# વેકેશન સ્પર્ધા-પરિણામ

## ચિત્ર સ્પર્ધા

| ઈનામ રકમ | વિજેતા | વિભાગ - A | વિભાગ - B |
|---|---|---|---|
| રૂા. ૩૦૧ | પ્રથમ | જય કે. પંચોલી-સુરત | સાગર બી. પંચોલી |
| રૂા. ૨૦૧ | દ્વિતીય | માન્યા એમ. પંચોલી-ભરૂચ | સંગીતા દક્ષય ગજ્જર-સુરત |
| રૂા. ૧૦૧ | તૃતીય | ભવ્યા ધવલ પંચોલી-સુરત | વૃશાલી નિલેશ મહેતા-અંકલેશ્વર |
| રૂા. ૧૦૧ | તૃતીય | અક્ષ પ્રિયાંક મિસ્ત્રી-સુરત | ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ |
| | વિશિષ્ટ ઈનામ-અવની એ. પંચોલી-નવસારી | | |

## વાર્તા સ્પર્ધા

| ઈનામ રકમ | વિજેતા | વિભાગ - A | વિભાગ - B |
|---|---|---|---|
| રૂા. ૩૦૧ | પ્રથમ | --- | મૃદુતા હેમંતકુમાર મિસ્ત્રી-સુરત |
| રૂા. ૨૦૧ | દ્વિતીય | --- | ડૉ. શ્વેતા મિસ્ત્રી-અમદાવાદ |
| રૂા. ૧૦૧ | તૃતીય | --- | સંગીતા દક્ષય ગજ્જર-સુરત |

## કાવ્ય-ગઝલ-બાળગીત સ્પર્ધા

| ઈનામ રકમ | વિજેતા | વિભાગ - A | વિભાગ - B |
|---|---|---|---|
| રૂા. ૩૦૧ | પ્રથમ | --- | નટવરલાલ એમ. પંચોલી-વડોદરા |
| રૂા. ૨૦૧ | દ્વિતીય | --- | હસુમતીબેન ડી. મિસ્ત્રી-અમદાવાદ |
| રૂા. ૧૦૧ | તૃતીય | --- | કામીની મયૂર ગજ્જર-સુરત |

## નિબંધ સ્પર્ધા

| ઈનામ રકમ | વિજેતા | વિભાગ - A | વિભાગ - B |
|---|---|---|---|
| રૂા. ૩૦૧ | પ્રથમ | માન્યા એમ. પંચોલી-ભરૂચ | કુસુમબેન એસ. પંચોલી-વ્યારા |
| રૂા. ૨૦૧ | દ્વિતીય | કશિકા યોગેશભાઇ પંચોલી-વડોદરા | જયશ્રીબેન ડી. પંચોલી-રાજપીપલા |
| રૂા. ૧૦૧ | તૃતીય | વિધિ મનિષકુમાર પંચોલી-નવાપુર | નયના નયનકુમાર પંચોલી-રાજપીપલા |

## આશ્વાસન ઈનામ - સ્પર્ધકને રૂા. ૧૦૦

ભવ્ય દેવાંગ ગાંધી-મીરારોડ
પ્રિયા અંકિત પંચોલી-વ્યારા
ભવ્યા જીગ્નેશ લાકડાવાલા-સુરત
ખુશી નિલેશભાઇ પંચોલી-સુરત
જીજ્ઞાશા મિનેષ મિસ્ત્રી-મુંબઇ
પ્રહર્ષ મિનેષ મિસ્ત્રી
યુકતા મિનેષ મિસ્ત્રી-મુંબઇ
ઝીલ વિ. પંચોલી-વડોદરા

## નિર્ણાયક તરીકેની સેવા આપનાર

શ્રીમતિ નિલીમાબેન મિહિરભાઇ શાહ-ડ્રોઇંગ ટીચર

શ્રીમતિ શર્મિલીબેન ગૌરાંગભાઇ દેશાઇ (Theatre in Education Ficilitator)

# વાહ કુદરત તારી કમાલ

B,Grup 1st price



આવો ભુલકાં આજ કરીએ, રંગ ભરી વાતો રંગ તણી...
સર્વત્ર રંગી છે કુદરતે, હર ચીજ વનસ્પતિ પ્રાણી
લાલ, પીળોને વાદળી, એ મૂળ રંગો કહેવાય
બાકીના બીજા બધા, એકમેકમાં ભળી સર્જાય.
લાલ રંગ જોવામાં કેવો, રકત શરીરમાં વહેતુ જુઓ..
પીળાની તો ઓળખ સહેલી, રસોઇ ઘરની હળદર જુઓ..
વાદળી રંગની ઓળખ માટે, જળાશયોને આકાશ જુઓ..
લાલ રંગ પીળામાં ભળે તો નારંગી રંગ બની જાય
પીળામાં જો વાદળી ભળે તો, લીલો રંગ બની જાય..
રંગ ગુલાબી થાતો જયારે, સફેદમાં જો ભળી જાય લાલ.
કેવો મોહક રંગ જુઓ, સ્વસ્થ સુંદર શિશુના ગાલ..
કોફી રંગનો મીજાજ જુઓ, કેવો ઘાટો કેવો નિરાળો..
બનતો આ રંગ ત્યારે, ભૂરામાં સફેદ અને થોડો કાળો..
ગાય ભેંસ બકરીના જુઓ, દૂધ સફેદીથી ભરપુર
શ્યામ રંગની ઓળખ માટે કાગ, કોલસો ને કાજળ..
ચોમાસામાં સૂરજ જયારે, સવાર સાંજ દેખાતો
પૂરબ કે પશ્ચિમ દિશામાં, કદી મેઘધનુષ દેખાતો..
જાંબલી ભૂરો વાદળી લીલો, પીળો નારંગી ને લાલ
ભેગા મળી બને મેઘધનુષ, વાહ કુદરત તારી કમાલ....

નટુભાઇ પંચોલી-વડોદરા

# જિંદગી

જિંદગી તું ધીરે ધીરે ચાલ..
હજી ઘણું જીવવાનું બાકી છે..
હજી ઘણું સમજવાનું બાકી છે...જિંદગી..

જિંદગી તું ધીરે ધીરે ચાલ..
હજી ઘણાંને પરખવાનાં બાકી છે...
હજી ઘણાંને સમજવાના બાકી છે... જિંદગી

જિંદગી તું ધીરે ધીરે ચાલ
હજી સપના અધુરા બાકી છે...
મધદરીયે પહોચેલ વહાણને
કિનારે લાંગરવાનું બાકી છે.. જિંદગી

સંગીતા દક્ષય ગજજર-સુરત

# કાવ્ય

B,Grup 3rd price

મહાન છે સર્જનહાર
તુ તો મહાન છે સર્જનહાર
વિવિધ રંગી ફૂલો ખીલવ્યા
સુગંધ છે અપરંપાર
જાતજાતના ફળો ઉગાડયા
ખટમીઠા ને રસાળ
એ તો ખટમીઠાને રસાળ
બહુરૂપી મનુષ્યો સજર્યા
રંગ, રૂપ આકાર
એના રંગ રૂપ આકાર
અનેકાનેક પશુ પંખીઓની
જીવસૃષ્ટિ છે અપાર
વિશ્વમાં જીવસૃષ્ટિ છે અપાર
વિવિધ કુદરતી સંપત્તિનો
દુનિયામાં નહીં પાર
રે દુનિયામાં નહીં પાર

કામિની મયુર ગજજર-સુરત

# દિપોત્સવી અંક - ૨૦૧૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા (‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)................................................ (૩) ................................................

(૪)................................................ (૫) ................................................

(૬)................................................ (૭) ................................................

(૮)................................................ (૯) ................................................

સરનામુ : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

પીન .................................. ફોન : (ઘર)..............................(ઓ)..............................

મોબાઇલ ..........................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૫.૧૦.૨૦૧૮ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડૉ. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# એકલતા... વાર્તા....

ડૉ. શ્વેતા મિસ્ત્રી-અમદાવાદ
B-Group 2nd price

ફરી એકવાર બહાર જઇ સલોનીએ આસપાસ જોયું. વરસતા વરસાદની ધાર સિવાય આજુબાજુ બધુ જ સ્થિર હતું.. સલોની પોતાની બાળપણની સખી પ્રાચીની રાહ જોતી હતી.. જે આજે શહેરમાં આવી હતી. હંમેશા એકલી જ રહેતી સલોનીને પ્રાચીના આવવાની ઉત્સુકતા હતી અને તેથી જ પોતાના ઘરે રોકાવવા બોલાવી હતી..

વરસાદના કારણે આવતા મોડું થયું હશે.. એમ વિચારી સલોની સોફા પર બેઠી અને તેને સવારે બહેન સાથે થયેલી વાત યાદ આવી ગઇ.. 'પરંતુ આવું જ કયાં સુધી ચાલશે સલોની ? '

' મને તો આમાં કુઇ પણ ખોટું નથી લાગતું, હું આજ રીતે ખુશ છું આ રીતે જ..''

'હા હમણાં નહીં લાગે તને, પરંતું હંમેશા આમ એકલી જ રહીશ ?'

દીદી તને તો ખબર જ છે વર્ષોથી મહિલાઓના હકો માટે કામ કર્યા પછી લગ્ન શબ્દ પરથી જ મારો વિશ્વાસ ઉઠી ગયો છે..'

'બધા સરખા ના હોય, સુલુ.. તું જ કહે તને કયારે એકલતા નથી અનુભવાતી ?'

'હા, કોઇવાર લાગે છે, પરંતુ એટલી પણ નહીં કે લગ્ન ન કરવાનો મારો નિર્ણય બદલી શકે '

'સુલુ હું તને કઇ રીતે સમજાવું ? '

અચાનક ડોર બેલના અવાજથી સલોની વિચારમાંથી બહાર આવી.. જરૂર પ્રાચી આવી ગઇ એમ વિચારી તેણે દરવાજો ખોલ્યો. પરંતુ સામે તે એક નાનકડી બાર-પંદર વર્ષની છોકરી હાથમાં મોટો થેલો લઇ ઉભી હતી.

'દીદી કુર્તિ લેશો ? મારી પાસે એકદમ નવી ડિઝાઇન અને કલરમાં છે અને તમને જરૂર ગમશે..'

'અરે પણ આટલાં વરસાદમાં તુ આમ કુર્તિ વેચવા ફરે છે ? બહાર મોસમ તો જો.. તારી મા પણ ખરી છે કે તને આવા વાતાવરમાં ઘરની બહાર મોકલી..'

'ના દીદી મારી મમ્મીને તો ખબર જ નથી કે હું કુર્તી વેચવા આવી છું... રોજ તો મારી મમ્મી જ વેચવા જાય છે અને સાંજ પડતા એની કમાણીમાંથી અમારું ખાવાનું લઇ આવે છે. હમણાં બે દિવસથી તે બિમાર છે અને ડોકટરે જમ્યા પછી દવા લેવાનું કહ્યું છે. મમ્મી તો અમને કાંઇ કહેતી નથી પરંતુ હું તો જાણું છું કે ઘરમાં ખાવા માટે કંઇ જ નથી.. એટલે વિચાર્યુ કે બે ત્રણ કુર્તી વેચાય જાય તો મમ્મી માટે ખાવાનું લઇ જાઉ.' આટલી નાનકડી છોકરીની આ વાત સલોનીને સ્પર્શી ગઇ. તે છોકરીની આંખોમાં તેની માં પ્રત્યેનો પ્રેમ અને ચિંતા સાફ દેખાતા હતાં. એની પાસેથી ચાર કુર્તી લઇ પૈસા અને બિસ્કીટના પેકેટ આપી સલોની ફરી સોફા પર બેઠી..

હમણાં જે બન્યું તે સમગ્ર કિસ્સાએ એના મગજને વિચારોમાં પોરવી દીધું. ધીરે ધીરે એના વિચારો સ્પષ્ટ થવા લાગ્યા. તે સમજી ગઇ કે એકલતા દૂર કરવા માટે લગ્ન જ જરૂરી નથી. એક અજીબ શાંતિના ભાવ સાથે સલોનીએ મોબાઇલ હાથમાં લીધો અને શહેરમાં બાળક દત્તક આપતી સંસ્થાઓ વિશેની શોધ શરૂ કરી....

# કુર્યાત સદા મંગલમ્



વ્યારા નિવાસી શ્રીમતિ પારૂલબેન તથા શ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીના સુપુત્ર ચિ. હર્ષિતના શુભ લગ્ન વડોદરા નિવાસી શ્રીમતિ રશ્મીકાબેન અને શ્રી ઘનશ્યામભાઇ આર. પંચોલીની સુપુત્રી ચિ. પાયલ સાથે તા. ૧૫.૦૭.૨૦૧૮ના રોજ થયા.

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ-તેજગઢ

શ્રી પંચોલી સેવા સમાજની એક મિટિંગ મળી. જેમાં પ્રમુખ તથા મંત્રીની નિમણૂંક કરવામાં આવી. પ્રમુખ તરીકે હસમુખભાઇ વિઠ્ઠલદાસ પંચોલી અને મંત્રી તરીકે શ્રી મધુસુદનભાઇ શાંતિલાલ પંચોલી.

નવયુગ માટે વાર્ષિક ફી માટે જ્ઞાતિજનોને કહેવામાં આવતા દરેક સભ્યોએ રૂા. ૧૦૦ પ્રમાણે આપ્યા તે નીચે મુજબ છે...

| | |
|---|---|
| ૧૦૦ | નારણદાસ અંબાલાલ પંચોલી |
| ૧૦૦ | ગોવિંદલાલ અંબાલાલ પંચોલી |
| ૧૦૦ | મધુસુદન ત્રિકમલાલ પંચોલી |
| ૧૦૦ | હસમુખલાલ વિઠ્ઠલદાસ પંચોલી-પ્રમુખ |
| ૧૦૦ | સુમનભાઇ વિઠ્ઠલદાસ પંચોલી |
| ૧૦૦ | મુકેશભાઇ વિઠ્ઠલદાસ પંચોલી |
| ૧૦૦ | ભકતશરણ છીતાલાલ પંચોલી |
| ૧૦૦ | અરવિંદભાઇ નગીનલાલ પંચોલી |
| ૧૦૦ | ઉમેશકુમાર નગીનદાસ પંચોલી |
| ૧૦૦ | દિલીપકુમાર શાંતિલાલ પંચોલી |
| ૧૦૦ | મહેશકુમાર શાંતિલાલ પંચોલી |
| ૧૦૦ | વસંતલાલ મોહનલાલ પંચોલી |
| ૧૦૦ | ભાવેશકુમાર નારણદાસ પંચોલી |
| ૧૦૦ | દક્ષેશકુમાર નારણદાસ પંચોલી |
| ૧૦૦ | બાલકૃષ્ણ છોટાલાલ પંચોલી |
| ૧૦૦ | ઈન્દ્રવદન ધુળાલાલ પંચોલી |
| ૧૦૦ | ગોપાલદાસ ધુળાલાલ પંચોલી |
| ૧૦૦ | ગોપાલદાસ રણછોડભાઇ પંચોલી |
| ૧૦૦ | કલ્પેશભાઇ રણછોડદાસ પંચોલી |
| ૧૦૦ | રિકેશ ગોવિંદભાઇ પંચોલી |
| ૧૦૦ | રાકેશભાઇ શાંતિલાલ પંચોલી |
| ૧૦૦ | ઉમેશકુમાર ચંપકલાલ પંચોલી |
| ૧૦૦ | ગુંજનકુમાર શૈલેષભાઇ પંચોલી |
| ૧૦૦ | કિશોરકુમાર જેન્તીલાલ પંચોલી |
| ૧૦૦ | ભાવિનકુમાર પ્રવિણચંદ્ર પંચોલી |
| ૧૦૦ | મધુસુદન શાંતિલાલ પંચોલી |
| ૧૦૦ | પ્રકાશચંદ્ર શાંતિલાલ પંચોલી |
| ૧૦૦ | જય અમરિશભાઇ પંચોલી |
| ૧૦૦ | ધનુબેન ચંપકલાલ પંચોલી |
| ૧૦૦ | હરેશભાઇ શાંતિલાલ પંચોલી |

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

તા. ૧૯.૮.૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે પંચોલી વાડી રાજપીપલા ખાતે પંચોલી સેવા મંડળ રાજપીપલાની વાર્ષિક મિટિંગ તથા ઈનામ વિતરણ તથા સમાજનો મિલન સમારંભ વડોદરા નિવાસી શ્રીમાન હરેશભાઇ કંચનલાલ પંચોલી(EX એન્જીનીયર સરદાર સરોવર યોજના વડોદરા) તથા તેઓના ધર્મપત્ની અ.સૌ. કલ્પનાબેનના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

મહેમાનોનું સ્વાગત પંચોલી સેવા મંડળના સભ્યોશ્રી દ્વારા કરવામાં આવ્યું. પંચોલી ભગીની સમાજની બહેનો શ્રી નયનાબેન, જયશ્રીબેન, ઉષાબેન અને હીરાબેન દ્વારા ગણેશવંદના અને પ્રાર્થનાથી શરૂઆત કરવામાં આવી.

સમાજના તથા દેશના માજી વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપેયીનો સ્વર્ગવાસ થયો હોય એવા પૂણ્યાત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાડી પ્રાર્થના કરવામાં આવી.

સમાજના યુવા પ્રમુખશ્રી જયેશભાઇ દ્વારા સમગ્ર પંચોલી સમાજ રાજપીપલા તથા બહારથી પધારેલ જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત કર્યુ. વર્ષ દરમ્યાન કરેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા કરવાપાત્ર નવા પ્રોજેક્ટની છણાવટ કરી સાથે સાથે શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરી રહેલા નાના ભૂલકાથી માંડી ઉચ્ચકક્ષા સુધીનાએ મેળવેલ સિદ્ધિઓને બિરદાવી તથા ભવિષ્ય માટેની ઉજ્જવળ કારકિદી માટેની શુભેચ્છાઓ પાઠવી.

માજી પ્રમુખ શ્રી સુરેશભાઇ જીવણભાઇ પંચોલીએ



મનનીય વાતો કરી સમાજને ઉષ્માપૂર્ણ વાતોથી સામાજિક વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવી.

શ્રી જયેશભાઈએ સમાજની વાડી માટે કરેલ હાકલને માજી પ્રમુખ શ્રી ઇન્દ્રવદનભાઇ સોમાભાઈએ સમાજની પ્રગતિ તથા વિકાસમાં જ્ઞાતિજનો સમય, શકિત અને તન-મન અને ધનથી એકમને મદદરૂપ થવા હાકલ કરી જેને વાર્તા સ્વરૂપે કહી બોધ આપ્યો હતો.

ભગીની સમાજના હોદ્દેદાર શ્રી નયનાબેન નયનભાઈએ બહેનોને સમાજના વિકાસ તથા વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે વાતો કરી સુંદર બાળ રમતો રમાડી હતી.

સમારંભના અધ્યક્ષ શ્રીમાન હરેશભાઇ કંચનભાઈએ આપણા સમાજનો જે દરેક ક્ષેત્રમાં આગવો વિકાસ કરી રહ્યા છે તેને બિરદાવ્યો, વિદ્યાર્થી-યુવાનો અને યુવતિઓ દ્વારા વિવિધ ક્ષેત્રમાં મેળવેલ સિદ્ધિઓને બિરદાવી સાથે સાથે ૨૧મી સદીમાં શિક્ષણનું મહત્વ અને યોગ્ય સાહસો કરવા તથા નીત નવીન ટેકનોલોજી સાથે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી આજના દિવસે જે વિદ્યાર્થીઓએ પારિતોષક મેળવ્યા છે તેઓને અભિનંદન પાઠવ્યા. પંચોલી સમાજ રાજપીપલા વધુને વધુ વિકાસ કરે તેવી શુભકામનાઓ પાઠવી રાજપીપલા એકમે તેઓના આતિથ્ય બદલ આભાર વ્યકત કર્યો.

રાજપીપલા એકમના સૌ ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને પંચોલી સમાજ તથા દાતાશ્રીઓ તરફથી રોકડ પારિતોષક તથા લંચબોક્ષ, કંપાસબોક્ષ, એકઝીકયુટીવ ફાઇલ, કલીપબોર્ડ, પાઉચ(પેન્સીલ, રબર-બોલપેન) સહિત નવાજવામાં આવ્યા.

મંત્રીશ્રીએ સમગ્ર કાર્યક્રમમાં સહયોગ આપવા બદલ તથા આમંત્રણને માન આપી પધારેલ મુખ્ય મહેમાનશ્રી હરેશભાઇ-કલ્પનાબેન તથા બહારથી પધારેલ સૌ મહેમાનો તથા સમાજના જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો.

કાર્યક્રમનું સંચાલન શ્રી રાકેશભાઇ વિઠ્ઠલભાઇ -નિખિલભાઇ ગોપાલભાઈએ કર્યું. અંતે સાત્વિક ભોજનનો રસાસ્વાદ માણી છુટા પડયા.

વર્ષ ૨૦૧૮ના દાતાશ્રીઓ.....

**પાંચ વર્ષ સુધી રૂા. ૫,૦૦૦/-**

૫,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી
૫,૦૦૦ શ્રી ધર્મેન્દ્રભાઇ રસિકભાઇ-અમી સ્ટુડિયો
૫,૦૦૦ શ્રી અરવિંદભાઇ વિઠ્ઠલભાઇ
૫,૦૦૦ શ્રી જ્યોતિષબેન ઠાકોરભાઇ પંચોલી તથા ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ પંચોલી
૫,૦૦૦ શ્રી રસિકલાલ ડાહ્યાભાઇ

**દાન**

૧૦,૦૦૨ શ્રી હીરાબેન ચુનીલાલ પંચોલી- ફોટો સ્કીમ હસ્તે મહેશભાઇ ધીરજભાઇ
૨૦,૦૦૦ શ્રી હીરાબેન ચુનીલાલ પંચોલી વ્યાજ વપરાશ ફંડ હ. મહેશભાઇ ધીરજભાઇ
૧૦,૦૦૦ શ્રી દીનબંધુ મનહરભાઇ પંચોલી દર વર્ષે ૧૦૦૦૦/- ૫ વર્ષ સુધી
૨૦,૦૦૦ શ્રી કિશોરભાઇ ચીમનલાલ પંચોલી દર વર્ષે ૨૦,૦૦૦/- ૫ વર્ષ સુધી
૧૫,૦૦૦ શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ તથા ભૂપેન્દ્રભાઇ

વિઠ્ઠલભાઇ. દર વર્ષે ૧૫,૦૦૦ ૫ વર્ષ સુધી
૧૦,૦૦૦ શ્રી શૈલેષભાઇ ઉમંગભાઇ પંચોલી
દર વર્ષે ૧૦,૦૦૦/- ૫ વર્ષ સુધી
૧૧,૦૦૦ શ્રી જયપ્રકાશ દત્તુભાઇ(જેપી)
દર વર્ષે ૧૧,૦૦૦/- ૫ વર્ષ સુધી
૯૦,૦૦૦ શ્રી પદ્માકાંત મફતલાલ પંચોલી(વડોદરા) પરિવાર તરફથી શૈક્ષણિક ઉત્કર્ષ માટે..
૫,૦૦૧ શ્રી જગદીશચંદ્ર ગણપતલાલ-વાડી વપરાશ
૫૦,૦૦૦ સ્વ. મનહરલાલ ગોવિંદભાઇના સ્મરણાર્થે (વાડી) હ. મુકેશભાઇ કંચનલાલ-ઉષાબેન
૮,૦૦૦ શ્રી સુમનભાઇ નારણદાસ પંચોલી-શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડ
૫૦૧ શ્રી અરવિંદભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી-બર્થડે
૧૫૧ શ્રી શાંતિલાલ જેકીશનદાસ તરફથી કાકીશ્રી સ્વ. શર્મિષ્ટાબેનના સ્મરણાર્થે
૧૫૧ શ્રી રાકેશભાઇ વિઠ્ઠલભાઇ ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે
૧૦૦ શ્રી ઇન્દ્રવદન સોમાભાઇ પંચોલી
૨૫૦ શ્રી રમેશભાઇ એમ. જોષી-જ્ઞાતિગોર
૧૦૦ શ્રી સુરેશભાઇ જીવણલાલ-ઇનામ વિતરણ
૨૧૯૦ ટોકન સમાજના જ્ઞાતિજનો તરફથી
૫૦૧ શ્રી સરોજબેન રમણલાલ
૧૩૦૧ શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ-ઇનામ વિતરણ
૧૦૦૧ શ્રી હરેશભાઇ કંચનલાલ
૧૦૦૧ સ્વ. શ્રી કંચનભાઇ પીતાંબરદાસની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે હ. હરેશભાઇ કંચનલાલ
૫૦૦૦ સ્વ. નગીનકાકાના સ્મરણાર્થે-ફોટો સ્કીમ
હ. મુકુંદભાઇ ધીરજલાલ(USA)
૫૦૦૦ સ્વ. દત્તુભાઇ મંગુભાઇના સ્મરણાર્થે ફોટોસ્કીમ હ. જયપ્રકાશભાઇ દત્તુભાઇ
૩૦૦ પંચોલી ભગીની મંડળ-રાજપીપલા

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

તા. શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની સામાન્ય સભા તા. ૧૫.૦૯.૨૦૧૮ના રોજ સુથારવાડ સ્થિત બાબુભાઇ હરગોવનદાસ પંચોલીના નિવાસ સ્થાને ૭.૩૦ કલાકે મળી. જેમાં બહોળી સંખ્યામાં સભ્યો, મહિલા મંડળ અને સ્વયં ગ્રુપના સભ્યોએ હાજરી આપી હતી.

પ્રથમ સમુહ પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ માજી વડાપ્રધાન શ્રી અટલબીહારી વાજપેયીજીને મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. પ્રમુખ ડો. વિસ્મયભાઇએ સૌને આવકાર્યા અને અંકલેશ્વર ખાતે યોજાનાર મહામંડળની સામાન્ય સભાના આયોજન વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી અને સભ્યોને કામની સોપણી કરવામાં આવી.

એક દિવસીય પ્રવાસનું આયોજન કરવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી અને ચર્ચાને અંતે ગળતેશ્વર, સાંકરી, બરૂમાલા, ફલધરા-સાંઇધામ, તડકેશ્વર મહાદેવ, વિશ્વંભરી- રાબડા, મીની વૈષ્ણોદેવી, તીથલ બીચ તથા તિથલ સાંઇમંદિર અને સ્વામિનારાયણ મંદિર..નો પ્રવાસ યોજવાનું નક્કી કરવામાં આવ્યું અને પ્રવાસ ફી રૂા. ૪૫૦ નક્કી કરવામાં આવી ત્યારબાદ અંકલેશ્વર એકમ તરફથી વ્યક્તિદીઠ ૨૫૦ રૂા. આપવાનું નક્કી કર્યુ આથી સભ્યો પાસે પ્રવાસ ફી રૂા. ૨૦૦ લેવાના નક્કી કરવામાં આવ્યું.

આકાંક્ષા-૩ માટે ચર્ચા કરવામાં આવી સૌ યુવાનોને આ કાર્યક્રમમાં સક્રિય થઇ કામ કરવા માટે જણાવવામાં આવ્યું આ વર્ષે ડિસેમ્બર માસમાં ક્રિકેટ મહોત્સવ હોવાથી આકાંક્ષા ૨૦૧૯માં કરવું એવું નક્કી કરવામાં આવ્યું.

સુરત મુકામે યોજાનાર ક્રિકેટ મહોત્સવ માં ભાગ લેવા માટે યુવાનોને જણાવવામાં આવ્યું પ્લેયર નક્કી કરી પ્રેકટીશ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.. કેપ્ટન તરીકે નિમેશકુમાર છગનલાલ મિસ્ત્રીની નિમણુંક કરવામાં આવી.

અંતમાં ઉપપ્રમુખ શ્રી અખિલભાઇએ આજની મિટિંગ યોજવા બદલ તથા સુંદર અલ્પાહારની વ્યવસ્થા કરવા બદલ બાબુભાઇ તથા જ્યોત્સનાબેનનો આભાર વ્યક્ત કરી અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડયા..

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

## મહામંડળ સામાન્ય સભા...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનસી સામાન્ય સભા તા. ૨.૯.૨૦૧૮ના રોજ શ્રવણ વિદ્યાધામ આતે સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવી હતી.

અંકલેશ્વર એકમના સભ્યો તથા સ્વયંના યુવા કાર્યકરો સવારે ૮.૦૦ કલાકે હાજર રહી બધી વ્યવસ્થા કરી દીધી હતી.. ૯ કલાકથી દરેક એકમોમાંથી સભ્યો આવવાની શરૂઆત થઇ ગઇ હતી.

પ્રથમ સૌને ચ્હા-સેવખમણીનો નાસ્તો કરાવવામાં આવ્યો.. ત્યારબાદ સર્વે સભ્યો આવી જતા મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રમુખ શ્રી ડો. વિસ્મયભાઇએ સર્વેને આવકાર્યા અને સ્વાગત પ્રવચન કર્યુ.. આવનાર મહામંડળના તથા તેની સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોનું અંકલેશ્વર એકમના સભ્યો, સ્વયંના સભ્યો તથા મહિલા મંડળના સભ્યો દ્વારા અગરબત્તીબુકે આપી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ આગળની કાર્યવાહી કરવા માટે મહામંડળના મહામંત્રીશ્રી નિશિકાંતભાઇને સુકાન સોપવામાં આવ્યું..

આજ રોજ અંકલેશ્વર એકમને નીચે મુજબ દાન મળ્યું..

૨૦,૦૦૦ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
૨૦૧ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી-બીલીમોરા
૧૫૧ બીલીમોરા મહિલા મંડળ
૨૦૧ સ્વયં યુવા સંગઠન-બીલીમોરા
૨૦૧ કૃણાલભાઇ કિશોરભાઇ મિસ્ત્રી
૫૫૫ સનતકુમાર રામુભાઇ પંચોલી-વ્યારા
૨૦૧ અખિલકુમાર નિલેશભાઇ મહેતા-અંકલેશ્વર
૫૦૦ હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રી-સુરત
૨૨૨ મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી-મુંબઇ
૧૫૦ દક્ષયકુમાર પી. ગજ્જર-સુરત
૧૦૦૧ ઉનાઇ સુથાર પંચની વાડી
૩૦૦ નિશીકાંતભાઇ બી. મિસ્ત્રી-સુરત
૨૦૦ નિતિનભાઇ એમ. ગાંધી-વ્યારા
૧૦૦૦ પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા
૨૦૧ પ્રગતિ મહિલા મંડળ-વ્યારા
૨૦૧ હંસાબેન મહેન્દ્રભાઇ પંચોલી-અંકલેશ્વર
૧૫૦ બિપીનભાઇ જી. મિસ્ત્રી-બીલીમોરા
૧૦૧ સોનલ મનોજકુમાર પંચોલી-અંકલેશ્વર
૨૦૦ પંચોલી સેવા મંડળ-રાજપીપલા
૧૦૦ રાજેન્દ્રભાઇ જે. મિસ્ત્રિ-સુરત
૧૫૦ ભગીની મંડળ-રાજપીપલા
૫૦૦ પંચોલી સમાજ-વડોદરા
૫૦૦ સમસ્ત પંચોલી જ્ઞાતિ નવસારી પંચ
૨૦૦ સ્વ. નવિનચંદ્ર ગજ્જરના સ્મરણાર્થે હસ્તે પૂર્ણિમાબેન-રાજપીપલા
૨૦૧ શાંતિલાલ વલ્લભભાઇ મપારા-રાજપીપલા
૧૫૧ પંચોલી પંચ-ગણદેવી
૧૦૧ ચિન્તુભાઇ બી. મિસ્ત્રી -ગણદેવી

દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર

## શ્રી પંચોલી સમાજ-વ્યારા



શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાનો શ્રાવણ માસ દરમ્યાન એક પ્રવાસનું આયોજન આ વર્ષે કચ્છ-ભુજ ખાતે તા. ૦૬ થી ૦૯.૦૯.૨૦૧૮એમ કુલ ૩ દિવસ અને ૪ રાત્રીનું હતું. જેમાં સમાજના ઘણાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લઇ આનંદ મણ્યો હતો. પ્રવાસ દરમ્યાન ચોટીલા, સફેદ રણ, કચ્છ, ભુજ, પેલેસ, આશાપુરા માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ, માંડવી દરિયા કિનારો જેવા સુદર અને રમણિય સ્થળો નિહાળી સૌએ આનંદ અનુભવ્યો હતો. દર વર્ષેની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન સાથે જ્ઞાતિજનોને પ્રવાસ કરાવ્યો હતો..

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વી મહિલા મંડળ-વડોદરાની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૦૭-૦૯-શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રીમતિ નિતાબેન એચ. પંચોલીના નિવાસ સ્થાને મળી હતી. જેમાં તમામ કારોબારી સભ્યોએ હાજરી આપી હતી. સર્વે બહેનોનું સ્વાગત ચા-કોફી સાથે કરવામાં આવ્યું. સમૂહમાં ગણેશવંદના અને સ્તુતિ કરી મિટિંગની શરૂઆત કરી. દિવંગત આત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી.

મંત્રી શ્રીમતિ આનંદીબેને ગત મિટિંગની કાર્યવાહીનો અહેવાલનું વાંચન કર્યુ. ટીચર્સ ડે નિમિત્તે ટીચર સુરેખાબેન અને આનંદીબેનને બુકે આપી સન્માન કરવામાં આવ્યુ. શિક્ષકોનું બહુમાન કરવા બદલ સૌનો આભાર વ્યકત કરી સુરેખાબેને સૌને ડેરીમિલ્ક આપી મો મીઠુ કરાવ્યું.

ગણેશ ડેકોરેશન કોમ્પીટીશનમાં બધી જ બહેનોએ પોતાની આગવી કલા અને સુઝથી વિવિધ વસ્તુઓ વાપરી સુંદર ગણપતી બનાવી ડેકોરેશન કરી ગણેશ ઉત્સવને વધાવવામાં આવ્યો જેમાં પ્રથમ વિજેતા આનંદીબેન અને દ્વિતીય વિજેતા હર્ષાબેનના ગણપતિ પસંદ પામેલા જાહેર કરવામાં આવ્યા.

રાધાકૃષ્ણની યાદમાં, ટીચર્સ ડે નિમિત્તે બધી બહેનોએ કાર્ડ બનાવી સુવાકયો લખી અવનવા કાર્ડો બનાવ્યા હતા. 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં ખેલતે હૈ'....ચાણકય

જેમાં પ્રથમ નિતાબેન એચ. અને દ્વિતીય જયોત્સનાબેનને વિજેતા જાહેર કરવામાં આવ્યા. નીતાબેન તરફથી વનમિનિટ ગેમ રમાડવામાં આવી. જેના પ્રથમ વિજેતા પ્રજ્ઞાબેન અને દ્વિતીય વિજેતા આનંદીબેન જાહેર કરવામાં આવ્યા.

અંતમાં હાઉસીની રમત રમાડવામાં આવી ટીચર ડે કાર્ડ કોમ્પીટીશનના વિજેતા બહેનોને સુરેખાબેન તરફથી ઇનામ આપવામાં આવ્યા. ગણેશ ડેકોરેશન તથા વનમિનિટ ગેમના વિજેતા બહેનોને નિતાબેન તરફથી ઇનામ આપવામાં આવ્યા..

અંતમાં સ્વાદિષ્ટ ભોજનનો અનેરો રસાસ્વાદ માણ્યો. સ્વાદિષ્ટ ભોજન અને સુંદર વ્યવસ્થા કરવા બદલ નિતાબેન અને તેમના પરિવારનો સૌ બહેનો વતી શિલાબેને આભાર વ્યકત કર્યો.

અગામી મિટિંગ શીલાબેનના ઘરે રાખવામાં આવશે તેની જાણ કરવામાં આવી. તેજસ્વીની મહિલા મંડળમાં જોડાયેલા નવા અને જૂના તમામ સભ્યોનો મિલન સમારંભ તા. ૧૮.૦૯.૨૦૧૮ મંગળવારના રોજ કમાટીબાગમાં રાખવાનું નકકી કરેલ છે. તેની જાણ સૌને ફોન તેમજ રૂબરૂ મળી જાણ કરવા માટે કારોબારી સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો. અંતમાં સૌને શુભરાત્રી પાઠવી છુટા પડયા.

## શ્રી પંચોલી સમાજ-અંકલેશ્વર

તા. ૮.૦૯.૨૦૧૮ના રોજ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી. સમૂહ પ્રાર્થના કરી મિટિંગની શરૂઆત કરી. મંત્રીશ્રી સોનલબેને ગત મિટિંગનો અહેવાલનું વાંચન કર્યુ. આ માસમાં આવતી બર્થડે - એનીવર્સરી વીશ કરવામાં આવી. બર્થડે નિમિત્તે ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

શિક્ષકદિન નિમિત્તે અંકલેશ્વર સ્થિત આદર્શ સ્કુલના ટીચર શ્રીમતિ સવિતાબેનનું સ્મૃતિભેટ અને બુકે આપી સન્માન કર્યુ. એમણે શિક્ષકદિન સમાજમાં શિક્ષકનું સ્થાન અને જરૂરીઆતનું મહત્વ સમજાવ્યું.

અનુરાધાબેન, કેતકીબેન અને જાગૃતિબેને માતૃ દેવો

ભવ વિષય પર બે શબ્દો કહ્યા.

વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦થી નીચેનામાં પ્રથમ-જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી અને દ્વિતીય બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી તથા ૫૦ની ઉપરમાં અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી વિજેતા થયા. મંડળ તરફથી વિજેતા બહેનોને ઇનામ આપી નવાજ્યા..

અગામી મિટિંગ કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રીને ત્યાં તા. ૨.૧૦.૧૮ના રોજ નવરાત્રી નિમિત્તે રાખવામાં આવી.

૫૧/- જ્યોત્સનાબેન બાબુભાઇ પંચોલી બર્થડે

૫૧/- મીનાબેન છગનભાઇ મિસ્ત્રી તરફથી શ્રેયાની સગાઇ નિમિત્તે..

અંતમાં જાગૃતિબેનનો આભાર વ્યકત કરી અલ્પાહાર અને શરબતને ન્યાય આપી છુટા પડયા.

# આપણું ગૌરવ



વડોદરા શહેરના વડુ હાઇસ્કૂલમા માદયમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા પંચોલી રશ્મીકાબહેન અરવિંદભાઇની "ગુજરાત રાજ્ય માદયમિક શિક્ષક સંઘ મહામંડળ"ની 'ગુજરાત રાજ્ય મહિલા વિંગ'મા "મંત્રી" તરીકે બિનહરીફ વરણી થવા બદલ ખુબ ખુબ હાર્દિક અભિનંદન...આપ ઉતરોતર પ્રગતિના સોપાનો સર કરો અને શિક્ષક સમાજ અને પંચોલી સમાજની સેવા કરતા રહો એવી હાર્દિક શુભેચ્છાઓ...



તા. 5/09/2018 ને શિક્ષકદિન નિમિત્તે ધ ઇન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ કલબ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ છોટાઉદેપુર જીલ્લામાં ૨૦ વર્ષથીનોકરીમાં સેવા, આ વિસ્તારના વિદ્યાર્થીઓને મોટીવેટ કરી, પ્રવૃત્તિ સાથે જ્ઞાન, ક્રિયાત્મક સંશોધન કરી સ્કૂલમાં નિયમિત હાજરી, બાહ્ય પરિક્ષા અપાવવી, લોકો સાથે મળી તેમની સેવા અને માતૃશાળામાં સ્વચ્છતા એવોર્ડ, શ્રેષ્ઠબુથ લેવલ ઓફિસર તરીકે શિક્ષક શરાફી મંડળીનો ઉત્તરોત્તર પ્રગતિમાં સાથ સહકાર આપી ઉપપ્રમુખ તરીકેની સેવા અને જિલ્લા પંચાયતમાં ક્રિકેટ ટીમ કોચ તરીકેની સેવા આપનાર વિવિધ પ્રતિભા સંપન્ન એવા શ્રી ધનશ્યામભાઇ વિઠ્ઠલભાઇ પંચોલીને ઉપરોકત એવોર્ડથી સન્માન્યા છે.... અભિનંદન...

શ્રીમતિ રશ્મીકાબેન અને શ્રી ધનશ્યામભાઇએ શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ સેવાઓ આપી સમગ્ર પંચોલી સમાજન ગૌરવવંતુ કર્યુ છે... હજી પણ વિવિધ સેવાઓ દ્વારા સમાજમાં નવજાગૃતિ લાવે એવી હાર્દિક શુભેચ્છાઓ....



**Harsh Pancholi**

**B.Tech.**(Electrical Engineering at IIT Bombay)

**M.Tech.** (Communication & Signal Processing at IIT Bombay)

**Job at Samsung Research & Development** at Bangalore as a senior software engineer.

Mo. : 98796 48519

# અશ્રુભીની શ્રદ્ધાંજલી

**સંવેદના કયા કોઈ શબ્દોમાં મપાય છે..**
**એતો વહાલ બની આંખોમાં ઉભરાય છે..**



**સ્વ. હાર્દિકકુમાર ભગુભાઈ પંચોલી**
**સ્વર્ગવાસ તા. ૨૦.૦૯.૨૦૧૫**
**હે પ્રભુ તારા દરબારમાં એટલી વિનંતી કરૂ છું..**
**સદા ખુશ રાખજો**
**જેમને અમે યાદ કરીએ છીએ...**

લિ.
ભગુભાઈ પંચોલી-પપ્પા
હેમાક્ષીબેન પંચોલી-મમ્મી
પરિક્ષિત પંચોલી-ભાઈ
દાજી, કાકી
ચલામલી

# ગણપતિ આયો...બાપા

| **અંકલેશ્વર** | **દિવસ** |
|---|---|
| ડૉ. મહેશભાઈ એમ. મિસ્ત્રી | ૫ |
| ધવલકુમાર રાજેન્દ્રભાઈ મિસ્ત્રી | ૫ |
| ચેતનભાઈ રમણભાઈ પંચોલી | ૫ |
| નિલેશભાઈ સોમાભાઈ મહેતા | ૫ |
| મનોજકુમાર આર. પંચોલી | દોઢ દિવસ |
| રમણભાઈ છગનભાઈ પંચોલી | ૧૦ |

| **વ્યારા** | **દિવસ** |
|---|---|
| મનિષભાઈ મોહનભાઈ પંચોલી | ૫ |
| હર્ષવદન પરસોત્તમદાસ મિસ્ત્રી | ૫ |
| અંકિતકુમાર હર્ષદભાઈ પંચોલી | ૫ |
| મિલાપ પંચોલી | |
| હિતેશકુમાર ઠાકોરભાઈ પંચોલી | |

| **વડોદરા** | **દિવસ** |
|---|---|
| મધુસુદનભાઈ સી. પંચોલી | ૧૦ |
| અશ્વિનભાઈ એસ. પંચોલી | ૩ |
| ભરતભાઈ જી. પંચોલી | દોઢ દિવસ |

| **મુંબઈ** | **દોઢ દિવસ** |
|---|---|
| ધર્મિષ્ઠા અને ડૉ. ભૂપેન્દ્રભાઈ ચુનીલાલ પંચોલી | મઝગાંવ |
| ચેતના અને મહેન્દ્ર ચુનીલાલ મિસ્ત્રી | મઝગાવ |
| પારૂલ અને સતિષ નવિનભાઈ પંચોલી | ખેતવાડી |
| ગીતાબેન અને જતીન નગીનલાલ મિસ્ત્રી | ખેતવાડી |
| રેશ્મા અને કલ્પેશ શાંતિલાલ પંચોલી અને | |
| જયોતિ અને મિતેશ શાંતિલાલ પંચોલી | અંધેરી |
| મોનિકા અને ભાવેશ ચીમનલાલ પંચોલી | અંધેરી |
| વંદના અને મયંક ઠાકોરલાલ મિસ્ત્રી | ગોરેગાંવ |
| કેતકી અને કમલેશ અમ્રતલાલ મિસ્ત્રી | ગોરેગાંવ |
| અનિતા અને યોગેશ હરગોવનદાસ મિસ્ત્રી | કાંદીવલી |
| પ્રતિમા અને જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રી | બોરીવલી |
| ફોરમ અને દેવાંગ કિરીટભાઈ ગાંધી | મીરારોડ |
| ડિમ્પલ અને નયન નવિનભાઈ મિસ્ત્રી | મીરારોડ |
| ઈલાબેન અને રજનીકાંત ચીમનલાલ પંચોલી | વસઈરોડ |
| કૌશલ અને નિલેશ મોહનલાલ મિસ્ત્રી | નાલાસોપારા |
| | **૫ દિવસ** |
| વિજયા અને પરેશ ચંદ્રકાંત પંચોલી | શાંતાક્રુઝ |
| | **૧૦ દિવસ** |
| સોનલ અને સંજય જયંતિલાલ મિસ્ત્રી | મીરારોડ |

## આપણું ગૌરવ



અંકલેશ્વર (હાલ હૈદરાબાદ) નિવાસી શ્રીમતિ અમીષા અજય પંચોલી, હૈદરાબાદમાં યોજાયેલ Mrs. Hall of Fame-2018 કોમ્પિટીશનમાં Mrs. Popular-2018નો ખિતાબ મેળવી Mrs. India Globle-2018 માં ક્વોલીફાય થયા. અને Mrs. Gujarat India Globle-2018નો ખિતાબ મેળવ્યો. તા. ૧૩ થી ૧૬ સપ્ટેમ્બરે દિલ્હી ખાતે ટીવોલી રીસોર્ટ ખાતે યોજાયેલ Mrs. India Globle-2018 માં ફાયનાલીસ્ટ બની ગુજરાતને રીપ્રેજન્ટ કર્યુ. આખા ભારતમાંથી ૨૫ પાર્ટીસીપેટસ આ કોમ્પીટીશનમાં હતાં. જેમાં અમિષા અજય પંચોલી 3rd Runner Up બની સર્ટીફિકેટ, એવોર્ડ અને તાજથી નવાજ્યા હતા. સાથે સાથે Mrs. Glamours Look નો ખિતાબ પણ મેળવ્યો હતો.. ઉપરોક્ત સિદ્ધિ મેળવી ફેમીલી, અંકલેશ્વર એકમ તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.. ખૂબ ખૂબ અભિનંદન....



નવસારી નિવાસી શ્રીમતિ રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રી ગુજરાત સ્ટેટ ૯મી માસ્ટર ચેમ્પીયન સ્વીમીંગ કોમ્પીટીશન ૯ સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ યોજાયેલ હતી જેમાં રમીલાબેને નીચે મુજબ વિનર થયા હતા..

Breast Stroke - 100mt. 1st price
Butterfly Stroke - 100mt. 2nd price
Individual Medley(I.M.) 200mt. 2nd price

અગામી વિશાખાપટ્ટનમ ખાતે યોજનાર કોમ્પીટીશન માટે પસંદગી પામ્યા છે.... વિશાખાપટ્ટનમ ખાતે વિશિષ્ટ દેખાવ કરી સિદ્ધિઓ પ્રાપ્ત કરે એવી સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે..

દર વર્ષે રમીલાબેન વિવિધ સ્વીમીંગ કોમ્પીટીશન ક્ષેત્રે વિવિધ મેડલ મેળવી નવસારી સમાજનું એમના કુટુંબીજનો અને સમગ્ર પંચોલીની ગૌરવવંતુ કરે છે.. ખૂબ ખૂબ અભિનંદન....

## એકવાર જાવુ હરિના ધામમાં



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી ઉપપ્રમુખ તથા સંખેડા એકમના પ્રમુખ ગોપાલભાઇ(કિસનભાઇ) અંબાલાલ પંચોલી તા. ૧૪.૦૯.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૦



સુરત નિવાસી ઇન્દ્રવદન બાલારામ પંચોલી તા. ૧૬.૯.૨૦૧૮ રોજ અક્ષરધામ નિવાસી થયા.

## હેપી બર્થડે.....



આર્ષ બ્રિજેશકુમાર
પંચોલી-વડોદરા
૨૯.૧૦.૨૦૧૮

## શતમ્ જીવમ્ શરદ :



સુરત(હાલ વાપી) નિવાસી મનિષકુમાર રાજેન્દ્રભાઇ મિસ્ત્રી તા. ૨૪.૦૯.૨૦૧૮ના રોજ ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર પંચોલી સમાજની હાર્દિક શુભેચ્છાઓ..



મુંબઇ નિવાસી નિલેશકુમાર અમ્રતલાલ મિસ્ત્રી તા. ૨૪.૧૦.૨૦૧૮ના રોજ ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર પંચોલી સમાજની હાર્દિક શુભેચ્છાઓ..



# શ્રદ્ધાંજલી

શ્રી પંચોલી સૈવા સમાજ મહામંડળના માજી ઉપપ્રમુખ(૨૦૦૯-૧૦)
તથા શ્રી પંચોલી સૈવા સમાજ સંખેડાના પ્રમુખ

**શ્રી કિશનભાઈ એ. પંચોલી**

નું તા. ૧૪.૦૯.૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયું છે...

સમાજે એક સક્રિય કાર્યકર્તા ગુમાવ્યો છે..

પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા એમના સ્વજનો પર આવી પડેલ આકસ્મિક આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે એજ પ્રાર્થના...

**અર્પણકર્તા**

શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ

શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી

તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો
શ્રી પંચોલી સૈવા સમાજ મહામંડળ

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂ.૫૦૦/- રાજપીપલા નિવાસી અરવિંદભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે...

રૂ. ૨૦૦/- સુરત નિવાસી ભરતભાઇ ખંડુભાઇ મિસ્ત્રી તરફથી નવયુગ શુભેચ્છા ભેટ..

રૂ. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી બર્થડે નિમિત્તે..

રૂ. ૨૫૧/- મુંબઇ નિવાસી નિલેશકુમાર અમ્રતલાલ મિસ્ત્રી તરફથી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂ. ૫૦૦/- સુરત નિવાસી શ્રીમતિ ઈન્દિરાબેન તથા શ્રી રાજેન્દ્રભાઇ જે. મિસ્ત્રી તરફથી સુપુત્ર ચિ. મનિષની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે.

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મણીલાલ ભાણાભાઈ પંચોલી નવાપુર | સ્વ. વ્રજલાલ ખુશાલદાસ ગાંધી નવાપુર

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**